**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૧.૦ ડીગ્રી
લઘુતમ : ૧૨.૭ ડીગ્રી
ભેજ
સવારે ૬૧ ટકા ● સાંજે ૪૬ ટકા

# શહેરમાં વીવીઆઈપી સિવાયના વિસ્તારોમાં સ્ટ્રીટલાઈટોમાં ઠાગાઠૈયા

## શહેરમાં બધ રહેતી સ્ટ્રીટલાઈટોથી શહેરીજનો પરેશાન-રાત્રે અકસ્માતનો પણ ભય

ગાંધીનગર, તા. ૨૩

આમ તો ગાંધીનગર એ કેપિટલ સીટી છે અહીંયા સરકાર બેસીને વહીવટ કરે છે. એટલું જ નહીં, મંત્રી નિવાસ પણ પાટનગરમાં જ છે. છતાં કેપિટલ સીટીના મુખ્ય માર્ગોની સ્ટ્રીટલાઈટો બંધ જોવા મળે છે. તેમાં પણ વ્હાલા દવાલાની નીતિ અખત્યાર કરાય છે. વીવીઆઈપી વિસ્તારની સ્ટ્રીટલાઈટો કયારેય બંધ નથી રહેતી જયારે તે સિવાયના ઘ-માર્ગ સહિતના માર્ગો પર સ્ટ્રીટ લાઈટો વારંવાર ખોટવાવા પાછળનું ગણિત હજુ પણ કોઈને નથી સમજાતું. શહેરમાં ઘણીવાર ઘ, ખ સહિતના મુખ્ય માર્ગો તથા અંતરિયાળ માર્ગોની સ્ટ્રીટ લાઈટો બંધ રહે છે. સ્ટ્રીટ લાઈટો બંધ રહેવાના કારણે રસ્તા પર ગાઢ અંધકાર છવાયેલો રહેવાથી અકસ્માતનો ભય રહે છે. પાટનગરમાં ઘણા માર્ગો પરની સ્ટ્રીટ લાઈટો રાતના સમયે ડુલ થઈ જાય છે. પાટનગર યોજના વિભાગ દ્વારા સ્ટ્રીટ લાઈટોનું સંચાલન કરવામાં આવે છે. પરતુ દર વખતે કોઈને કોઈ માર્ગ ઉપરની સ્ટ્રીટલાઈટો બંધ રહેતી હોય છે. સંજોગોવસાત ક્ષતિના કારણે સ્ટ્રીટ લાઈટો બંધ રહે તો સમજી શકાય પરંતુ અહીં મોટાભાગના કિસ્સામાં એકાદ-બે નહીં આખા માર્ગ પરની સ્ટ્રીટ લાઈટની આખી લાઈન બંધ રહેતી હોય છે. હાલમાં શિયાળાની મોસમ ચાલી રહી છે ત્યારે વહેલી સવારે અને રાત્રી દરમિયાન શહેરમાં ધુમ્મસભર્યું વાતાવરણ છવાય છે ત્યારે લાઈટો બંધ રહેવાના કારણે માર્ગો ઉપરથી અવરજવર કરવી મુશ્કેલરૂપ બને છે. શહેરમાં અંતરિયાળ વિસ્તારમાં સ્ટ્રીટલાઈટો બંધ રહેતાં અંધારપટ્ટમાંથી અવરજવર કરવામાં વસાહતીઓને ભયનો માહોલ અનુભવાઈ રહયો છે. શિયાળામાં લોકો ઘર બંધ કરીને વહેલા સુઈ જતાં હોય છે ચોરી ચકારી પણ શહેરમાં રાત્રી દરમિયાન વધવા પામી છે. લગ્નની મોસમ પણ ચાલી રહી છે ત્યારે લોકોને ઘર બંધ કરીને બહારગામ જવામાં પણ ડરનો અનુભવ થઈ રહયો છે. કારણકે જે ઘર બંધ હોય ત્યાં ચોરોની બાજનજર રહેતી હોય છે. એમાંય સ્ટ્રીટ લાઈટો બંધ રહેતા ચોરીની ઘટનાઓ વધી શકે છે અને ચોર બેફામ બની શકે છે. ઉપરાંત સ્ટ્રીટલાઈટોમાંથી રોશની ઓછી ફેલાઈ રહી છે તેવી ફરીયાદો પણ વધવા પામી છે. જે સ્ટ્રીટ લાઈટો ચાલુ અવસ્થામાં છે તેમાંથી પ્રકાશ એટલે કે અજવાળુ ફેલાઈ રહયું નથી જેટલી માત્રામાં અજવાળુ આવવું જોઈએ તેટલી માત્રામાં આવતું નથી. જયાં સ્ટ્રીટલાઈટના થાંભલા છે તેની નીચે જ થોડુ અજવાળુ પ્રસરી રહયું છે. આસપાસના વિસ્તારોમાં અંધારપટ્ટ છવાઈ રહે છે. તંત્ર દ્વારા આ બાબતે પણ યોગ્ય વ્યવસ્થા કરવી જોઈએ તેવી લોકમાંગણી ઉઠી છે. શહેરીજનો સ્ટ્રીટલાઈટ બંધ રહેવાના મુદ્દે નારાજગી પણ વ્યકત કરી રહયા છે.





ચિલોડા, તા. ૨૩

ગાંધીનગર તાલુકાના પૂર્વ વિસ્તારમાં ગાંધીનગર જિલ્લા યુવા મોરચા દ્વારા જિલ્લા પંચાયત સીટ પ્રમાણે બાઈક કલસ્ટર રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લા યુવા ભાજપના મહામંત્રી જયમીનભાઈ જે. પટેલ, ગાંધીનગર તાલુકા યુવા ભાજપ મહામંત્રી સુરેશભાઈ તથા પ્રજેશ પટેલ, યુવા ભાજપ કાર્યાલય મંત્રી ઉપસ્થિત રહ્યા હતા. આ કલસ્ટર રેલી ચિલોડા, ઈસનપુર મોટા, મગોડી અને ડભોડા ગામે ફરી હતી.



નવા કોબા કલસ્ટરની રાયસણ પ્રાથમિક શાળામાં સીઆરસી કક્ષાનો ગણિત વિજ્ઞાન પ્રદર્શન યોજવામાં આવ્યું હતું જેમાં ડાયેટના પ્રાચાર્ય હિતેશભાઈ દવે પ્રોફેસર સીસી પટેલ તેમજ સી.આર.સી કો.ઓ ભગવતીબેન હાજર રહી બાળકોને માર્ગદર્શન આપ્યું હતું.

## સંસ્કૃતિ મહિલા પરિવાર દ્વારા સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૩

સંસ્કૃતિ મહિલા પરિવાર દ્વારા નવા વર્ષમાં સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં લગ્નગીતો ગવાયા હતા. ચંદ્રમૌલેશ્વર મહાદેવ સે-૬/બી ખાતે યોજાયેલા કાર્યક્રમમાં લગ્નગીતો વિસરાઈ ચુકયા છે તેને લગ્ન સીઝનની શરૂઆતમાં જ આ કાર્યક્રમ કરીને યાદ તાજી કરાવી હતી. કાર્યક્રમમાં બધી બહેનોએ શ્રી ગણેશ સ્થાપનથી કન્યા વિદાય સુધીના લગ્ન ગીતો ગાઈને લગ્નનો માહોલ ઉભો કરવામાં આવ્યો હતો. સંસ્થાની બહેનોએ ખુબજ ઉત્સાહથી આ કાર્યક્રમ માણ્યો હતો. આ કાર્યક્રમમાં ગાંધીનગરની મહિલા સંસ્થાઓના પ્રમુખો હાજર રહયા હતા. સંસ્થાના પ્રમુખ પ્રતિભાબેન દવેએ આભાર વ્યક્ત કર્યો હતો.

## જે.બી. પ્રાથમિક શાળામાં લોકશાહી મહાપર્વની ઉજવણી નિમિત્તે ચિત્ર સ્પર્ધાનું આયોજન




ગાંધીનગર, તા. ૨૩

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે.બી. પ્રાથમિક શાળામાં તા. ૧૮-૧૧-૨૦૨૨ને શુક્રવારે ધોરણ-૮ ના ૩૧ વિદ્યાર્થીઓએ નાગરિકોમાં મતદાન પ્રત્યે જાગૃતિ ફેલાય તે અંતર્ગત ચિત્ર સ્પર્ધામાં સુંદર કલાકૃતિઓનું સર્જન કરેલુ હતું. કલા શિક્ષક અને શાળાના આચાર્યના માર્ગદર્શન હેઠળ આ ચિત્ર સ્પર્ધા સફળ રહી હતી. શાળાના આચાર્ય નીવાબેન પટેલે ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યાં હતા.

## રૂપાલ વરદાયીની વિદ્યામંદિર ખાતે સ્વબચાવ તાલિમ કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લા પોલિસ દ્વારા 'સુરક્ષા સેતુ સોસાયટી' યોજના હેઠળ શ્રી વરદાયીની વિદ્યામંદિર ખાતે વિદ્યાર્થીનીઓને સ્વબચાવની ટેકનિક શિખવી હિમ્મતપૂર્વક કોઈપણ પરિસ્થિતિનો સામનો કેવી રીતે કરવો તેના વિષે સમજ આપી હતી. સુરક્ષાસેતુ તરફથી ભૂપેન્દ્રકુમાર શ્રોત્રિય અને કોચ તનિશા ઠાકોર હાજર રહી વિદ્યાર્થીનીઓને સ્વબચાવની ટેકનીક શિખવી હતી. રૂપાલની શાળામાંથી રાજુભાઈ ખરાડી અને શિક્ષિકા બહેનો હાજર રહી વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહિત કરી હતી.

## હરસોલા વૈષ્ણવ વણિમ સમાજ ગાંધીનગરનો મિલન સમાંરભ યોજાયો



ગાંધીનગર, તા. ૨૩

તાજેતરમાં હરસોલા વૈષ્ણ વણિક સમાજના પ્રમુખ અશ્વિમ એમ.ગાંધીના અધ્યક્ષપદે સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સભ્યોએ શુભેચ્છાની આપ-લે કરી હતી. આ ઉપરાંત રમતગમત અને મનોરંજન કાર્યક્રમો યોજાયા હતા તો વિધાનસભાની ચૂંટણીમાં ૧૦૦ ટકા મતદાન કરવાનો પણ નિર્ણય લેવાયો હતો. હોદ્દદારો કેતન પી.શાહ, જયપ્રકાશ શાહ, મિતલ શાહ, મિતેશ શાહ, તેજસ ગાંધી, ડો.કાર્તિક મહેતા વગેરે જહેમત ઉઠાવી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

## જન્મદિને વધામણી



દ્રષ્ટી જતીનભાઈ દવે




વિશ્રુતિ ચિરાગ ગોહેલ
મો. ૯૯૨૪૦ ૨૪૬૫૬



રીવા સંકેત ઠાકર
મો. ૯૯૭૪૫ ૨૫૪૭૨



આનંદીબેન એસ. પટેલ
મો. ૯૫૭૪૩ ૨૬૯૨૬



એન.વી.મોદી
પૂર્વ સચિવ,
પંચાયત ગ્રામ ગૃહવિભાગ

# ટીબીના દર્દીઓને પોષકયુક્ત આયર્નની કીટ આપવાનું અનોખુ અભિયાન

## જિલ્લા ક્ષય કેન્દ્ર અને અરવિંદ મીલ ફાઉન્ડેશન દ્વારા ૧૫ ટીબીના દર્દીઓને દત્તક લેવામાં આવ્યા

ગાંધીનગર, તા. ૨૩

ભારત સરકાર દ્વારા વર્ષ-૨૦૨૫ સુધીમાં ટીબીને સમગ્ર ભારત દેશમાંથી નાબુદ કરવાનું આહવાન કરવામાં આવ્યું છે. સાથે સાથે ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૨માં ટીબીના રોગને નાબૂદ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. ત્યારે ટીબીના દર્દીઓને દવાની સાથે પોષણયુક્ત આહાર મળી રહે તે અનુસંધાને જિલ્લા ક્ષય કેન્દ્રમાંથી જિલ્લા ક્ષય અધિકારી ડૉ. દીપક પટેલ, મોનીકાબેન જોષી, શૈલેષ રાઠોડ, પરાગ શાહના સહયોગથી અરવિંદ મીલ ફાઉન્ડેશન દ્વારા ૧૫ ટીબીના દર્દીઓને દત્તક લેવામાં આવ્યા છે. તથા તેમની ટીમ દ્વારા જિલ્લા ક્ષય અધિકારીની હાજરીમાં ૧૫ ટીબીના દર્દીઓને રૂબરૂમાં ન્યુટ્રીશીયન કીટ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. નેતુલ પટેલ તથા ડૉ. મિતેષ હાજર રહ્યા હતા. આ સાથે કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા દર્દીઓને જિલ્લા ક્ષય કેન્દ્રના સ્ટાફ દ્વારા ટીબીના રોગ વિશેની સંપૂર્ણ માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત દર્દીઓને પોતાના સ્વાસ્થ્યની કાળજી માટે કઈ કઈ સાર-સંભાળ રાખવી તેની માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં હાલમાં સરકાર દ્વારા ચાલતા રાષ્ટ્રીય ક્ષય નિર્મૂલન કાર્યક્રમ દ્વારા ટીબીને નાબૂદ કરવા સરકાર દ્વારા ટીબીના દર્દીને મળતી સામાજિક સહાય, મફત નિદાન, મફત દવાઓ, દવાની આડ અસરો, ટીબીના લક્ષણો વિશેની માહિતી આપી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે અરવિંદ મીલ કંપનીનો સહયોગ મળ્યો હતો. જિલ્લા ક્ષય અધિકારી ડૉ. દીપક પટેલ દ્વારા આવા જરૂરિયાતમંદ ગરીબ ટીબીના દર્દીઓને આવા પોષણયુક્ત આહારની કીટ આપવા બદલ આભાર માનવામાં આવ્યો હતો અને વધુમાં જણાવેલ કે જરૂરિયાતમંદ ટીબીના દર્દીઓને પોષણયુક્ત આહારની કીટ આપવા માંગતા હોય તેઓ જિલ્લા ક્ષય કેન્દ્ર, ડી-૪, ત્રીજો માળ, સિવિલ હોસ્પિટલ, ગાંધીનગરનો સંપર્ક કરી શકશે.



## માલવ પાઠકને પીડીપીયુ મેરીટ મેડલ એનાયત

ગાંધીનગર, તા.૨૩

શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ રાજય કક્ષાનાં ઉપપ્રમુખ રાકેશ પાઠકનાં પુત્ર માલવ પાઠકને પંડિત દીનદયાલ યુનિવર્સિટીનો દસમાં કોન્વોકેશન કાયેક્રમ નટરાજન ચંદ્રશેખરન ચેરમેન તથા એમડી ટાટા સન્સનાં અધ્યક્ષ પદે યોજાયો હતો. જેમાં માસ્ટર ઓફ ટેકનોલોજી, મિકેનીકલ એન્જીનિયર ડિઝાઈનમાં અભ્યાસ કરતા માલવ રાકેશભાઈ પાઠકને સમારંભ અધ્યક્ષો એનાયત કરવામાં આવ્યો હતો. જે પ્રસંગે રીલાયન્સ ઈન્ડીસ્ટ્રીઝનાં ચેરમેન મુકેશ અંબાણીએ શુભેચ્છા સંદેશ પાઠવ્યો હતો. માલવ પાઠકે કોઈમ્બતુર ખાતે "મોટર સ્પોટર્સ ફોર્મુલા ભારત –૨૦૧૯" ની સ્પર્ધામાં પણ જી.ટી.યુ.ની ટીમમાં ભાગ લઈ દેશભરની ૭૪ રેસ કાર અને ૧૬ ઈલેકટ્રીક કારને પરાસ્ત કરી જી.ટી.યુ.ની ટીમ પ્રથમ આવેલી હતી. જેમાં માલવ પાઠકે મહત્વનો ભાગ ભજવેલ. જેમાં બેસ્ટ ફયુઅલ એવોર્ડ, ફસ્ટ ઈન એન્ડુરન્સ રેસ અને બેસ્ટ ઓવર ઓલ ડાયનેમિક એવોર્ડ જીતી ગુજરાત તથા બ્રહ્મ સમાજનું ગૌરવ વધારેલ છે. જે બદલ બ્રહ્મ સમાજનાં ટ્રસ્ટી યજ્ઞેશ દવે, અધ્યક્ષ ભરતભાઈ રાવલ, મહામંત્રી અમિત દવે, મુખ્ય સંગઠક ડૉ. અશ્વિન ત્રિવેદી તેમજ મિડીયા કન્વીનિયર દિનેશ રાવલ તથા યુવા પ્રમુખ માલવ પંડિત તથા મહિલા પ્રમુખ સહિત બ્રહ્મ અગ્રણીઓએ સમાજનું ગૌરવ વધારવા બદલ માલવ પાઠકને અભિનંદનસહ શુભેચ્છા પાઠવી હતી.






સર્વ વિધ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ.જી. અને એસ.વી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં બાળકોના સર્વાંગી વિકાસને ધ્યાનમા લઈને ધોરણ ૫ થી ૮ના વિધાર્થીઓ માટે ઈન્ટર હાઉસ ફોક ડાન્સ કોમ્પિટિશનનુ આયોજન કરવામા આવ્યુ હતુ. જેમાં વિદ્યાર્થીઓએ વિવિધ રાજ્યોના પ્રચલિત ફોક ડાન્સ રજૂ કર્યા હતા. અહી વિદ્યાર્થીઓની આંતરીક શક્તિઓને ઉજાગર કરવાનો પ્રયત્ન કર્યો હતો.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.ઠાકોર શીવાભાઈ કાનજીભાઈ ઉ.વ. જમીયતપુરા
- સ્વ.પટેલ બાલકૃષ્ણભાઈ વાસુદેવભાઈ ઉ.વ.૩૯, સેકટર-૫

● રૂદ્રભૂમિ ●

- સ્વ.આનંદ ઉર્મીલારાની ગુરૂપ્રસાદ ઉ.વ.૮૧, રાંદેસણ
- સ્વ.સિંધાની કરતાર સિંહરવિ ઉ.વ.૮૧, રાંદેસણ